**ચાર્જશીટ દાખલ કર્યા તારીખ:– ૦૮ /૦૫ /૨૦૨૬**
**કમીટ કર્યા તારીખ:– ૧૧ / ૦૬ /૨૦૨૬**

## પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.કોર્ટમાં, મુળી તા.મુળી

**ફોજદારી કેસ નં.૨૩૨/૨૦૨૬**
**આંક:–**

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી:– (૧) રાધેશ્યામભાઇ રવીદાસભાઇ મેસવાણીયા ઉ.વ. ૩૫
રહેવાસી– અજમેર તા.વીછીયા જી.રાજકોટ

**ગુન્હો:–<u>બી.એન.એસ.ની કલમ– ૧૦૮,૩૫૧(૩),૩૫૧(૪),૫૪ મુજબ.</u>**

**–: કમીટલ હુકમ :–**

(૧) આ કામે ફરીયાદી પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના દિકરા પારસભાઇને આ કામના આરોપી નં.૩ રાધેશ્યામભાઇ નાઓની દિકરી માનશીબેન સાથે મનમેળ હોય જેથી આ માનસીબેન તથા ફરીયાદીના દિકરા પારસભાઇ બંને ફોનમા અવારનવાર વાતચીત કરતા હોય જે વાતની જાણ આ કામના આરોપઓને થતા આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓએ અવારનવાર ફરીયાદીના દિકરા પારસભાઇને ફોન કરી માનસીબેન સાથે વાત નહી કરવાનુ કહેતા હોય અને ફોન કરી હેરાન પરેશાન કરતા હોય અને માનસીક ત્રાસ આપતા હોય અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય અને આ કામના આરોપી નં.૧ તથા ૨ ફરીયાદીના ઘરે આવી પારસને મારી નાખવાની ધમકી આપી ગયેલ હોય અને આ કામના આરોપી નં.૩ નાઓએ ફરીયાદીના માતા ભારતીબેન ને કહેલ કે પારસને ભડાકો કરી નાખીશ તેમ કહેલ હોય જેથી આરોપીઓ નં.૧ થી ૩ ના ત્રાસથી ફરીયાદીના દિકરા પારસભાઇ કંટાળી ગયેલ અને થાકી ગયેલ હોય અને આ કામના આરોપીઓએ ફરીયાદીના દિકરા પારસભાઇ નુ જીવવુ મુશ્કેલ કરી દિધેલ હોય અને મરવા મજબુર કરી દિધેલ હોય જેથી આ કામના ફરીયાદીના દિકરા પારસભાઇ આ ત્રણેય આરોપીઓના ત્રાસથી કંટાળી જઇ ઘરેથી નીકળી જઇ દેવપરા ગામ પાસે આવેલ રેલ્વે પાટામા પડતુ મુકતા મરણ જતા આ કામના આરોપીઓ એ ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી બી.એન.એસ.ની કલમ– ૧૦૮,૩૫૧(૩),૩૫૧(૪),૫૪ મુજબ ગુનો કરેલ હોય તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.

(૨) હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જચીટ રજુ થતાં આરોપી હાજર છે. તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સહીતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપેર્સની નકલો

વિનામૂલ્ય પુરી પાડવામાં આવેલ છે. આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ– બી.એન.એસ.ની કલમ– ૧૦૮,૩૫૧(૩),૩૫૧(૪),૫૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૮,૩૫૧(૩),૩૫૧(૪),૫૪ ની જોગવાઇ ધ્યાને લેતાં સદર ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેસન્સ કોર્ટને છે. આ કામ અંગે આરોપીને સ્વખર્ચે ખાનગી વકીલ રોકવાની તથા સેસન્સ કોર્ટમાં કેસ કમીટ જાણ કરતી પુરસીસ રેકર્ડ રજુ કરેલ છે અને આરોપીની જુબાની રેકર્ડ રજુ કરેલ છે.

(૩) આમ, સદરહું કેસ ચલાવવાની સત્તા કાયદાની જોગવાઇઓ રૂએ ફકત નામ. સેશન્સ કોર્ટ, નાઓને આપવામાં આવેલ હોય જેથી હાલના તબકકે સબબ કામ નામ. સેશન્સ કોર્ટ, સુરેન્દ્રનગરને મોકલી આગળ ચલાવવા માટે કમીટ કરવો ન્યયોચિત અને જરૂરી જણાય આવતું હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**સદરહું ફોજદારી કેસ નંબર–૨૩૨/૨૦૨૬ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૨૩૨ મુજબ નામદાર સેસન્સ કોર્ટ, સુરેન્દ્રનગર ખાતે કમીટ કરવામાં આવે છે.**

**આ કામનો રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ તારીખ: ૨૨/૦૬/૨૦૨૬ પહેલા નામદાર સેશન્સ કોર્ટ, સુરેન્દ્રનગર ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.**

**આ કામે આરોપી હાલ જ્યુડી. કસ્ટડીમાં હોય તેનું કમીટલ વોરંટ ભરવું.**

**આ કામે જિલ્લા સરકારી વકીલશ્રીને અલાયદી યાદી કરી કમીટ અંગેની જાણ કરવી.**

**હુકમ આજરોજ તારીખ ૧૧ / ૦૬ /૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ:– મુળી.**
**તારીખ:૧૧/૦૬/૨૦૨૬**

**( કૌશિક એન.નિમાવત)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, મુળી.
જજ કોડ નં. જી.જે.–૦૧૫૭૬